**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૧ ડિસેંબર ૨૦૦૮**

## ચારકોપ મેટ્રો કારશેડ ખાલી પડેલ ભૂખંડ ઉપર બાંધવામાં આવે – ઝુંપડપટ્ટી બચાવ સમિતી અને જનપ્રતિનીધીઓની માગણી

**મુંબઈ,ગુરૂવાર :** ચારકોપ-વાંદરા-માનખુર્દ મેટ્રો રેલ્વેની ચારકોપ ખાતેની પ્રસ્તાવિત કાર ડેપોની જગ્યા બદલાવીખાલી પડેલ ભૂખંડ પર જ કારશેડનું નિર્માણ કરવું એવી માગણી કરનારા ૫,૧૪૯ કુટુંબોનું નિવેદન ઝુંપડપટ્ટી બચાવ સમિતી,કાંદિવલી(પશ્ચિમ) નાં શિષ્ટમંડળે મુંબઈ મહાનગર પ્રદેશ વિકાસ પ્રાધિકરણના અતિરિકત આયુકત શ્રી મિલિંદ મ્હૈસકરને બુધવારે આપ્યું હતું .ઝુંપડપટ્ટી બચાવ સમિતિના સંયોજક શ્રી બાબા સિંહની સાથે સર્વશ્રી સંતોષ રાણે,ડૉ.જી.એસ.યાદવ,સુરેશ ગુરવ,અને શિવધની પ્રજાપતી શિષ્ટમંડળમાં હતાં.

મુંબઈ મહાનગર પ્રદેશ પ્રાધિકરણે ચારકોપ કારશેડની જગ્યા સંબંધે ચર્ચા કરવા માટે માજી રેલ્વે પ્રધાન અને ઉત્તર મુંબઇના માજી સાંસદ શ્રી રામ નાઈક,શિવસેના નેતા અને ગોરેગામ ના ધારાસભ્ય શ્રી સુભાષ દેસાઈ,કાંદિવલીના કોંગ્રેસના ધારાસભ્ય શ્રી પી.યુ.મહેતા,તેમજ ભાજપ મુંબઈના અધ્યક્ષ અને બોરીવલીના ધારાસભ્ય શ્રી ગપોળ શેટ્ટી ની બેઠક બોલાવી હતી.તે વેળાં ઝુંપડપટ્ટી બચાવ સમિતીના પ્રતિનિધીઓ પણ ઉપસ્થિત હતાં.

ચારકોપ કારશેડ ની પ્રસ્તાવિત જગ્યાના ભૂખંડ પર ગણેશ નગર,સંજય નગર,લાલજીપાડા,ગાંધી નગર,એકતા નગર અને જનતા કૉલોની આ ઝુંપડપટ્ટીઓ હોઈ આ વસ્તી ૩૦ વર્ષ કરતાંયે વધુ જૂની છે.તેમાં આશરે ૧૪ હજાર કુટુંબો અને બે થી અઢી હજાર નાની દુકાનો,લઘુઉદ્યોગો,નાના કારખાના,તેમજ ૮ માન્યતાપ્રાપ્ત શાળાઓ,મંદીરો,મસ્જીદો અને ચર્ચ છે.આ ઝુંપડપટ્ટી બચાવવા માટે સર્વપક્ષીય ઝુંપડપટ્ટી બચાવ સમિતી સ્થાપન થઈ હોવાથી તે સમિતીએ સમયે-સમયે સભાઓ લઈ તેમજ હજારો કુટુંબીઓના હસ્તાક્ષરો લઈ પોતાનો વિરોધ નોંધાવેલ છે.

પ્રાધિકરણની બેઠકમાં હાલ ખુલ્લા પડેલ ભૂખંડ પરજ કારશેડ બાંધવામાં આવે ,એવો આગ્રહ રાખવામાં આવ્યો ,તેમજ આ પ્રકલ્પ થી બાધિત થનારાં કુટુંબોના પુનર્વસન બાબતે સ્પષ્ટ ધોરણ જાહેર કરવામાં આવે,મેટ્રો રેલ્વે સ્ટૅંડર્ડ ગૅજની ન બનાવતાં બ્રૉડ ગૅજની બનાવવામાં આવે,તેમજ મેટ્રોનું ભાડું સર્વસામાન્યને પોસાતું ઉપનગરીય રેલ્વે પ્રમાણેજ હોય અને માસિક-ત્રૈમાસિક પાસની પણ વ્યવસ્થા કરવામાં આવે,એમુજબની માગણીઓ કરવામાં આવી.

બેઠકમાં સભ્યોએ સૂચવેલ ભૂખંડનું નિરિક્ષણ કરવામાં આવશે,એવું આશ્વાસન અતિરિકત આયુકત શ્રી મિલિંદ મ્હૈસકરે આપેલ છે.તેમજ બેઠકમાં કરવામા્વેલ માગણીઓ મહારાષ્ટ્ર સરકાર પાસે યોગ્ય તે સિફારશો સાથે નિર્ણય લેવા માટે મોકલવામાં આવશે એવું પણ આશ્વાસન શ્રી મ્હૈસકરે આપેલ છે.મહાનગર આયુકત શ્રી રત્નાકર ગાયકવાડ માંદા હોવાને કારણે બેઠકમાં હાજર રહી શકયા ન હતાં.

**(બાબાસિંહ)**
**સંયોજક**
**મો.નં.૯૩૨૩૦૪૬૮૯૬**